કારણે ગામમાં ભારે હોહા મચી ગઇ છે.

પ્રમાણ આજ સવાર સાડા દશ વાગ

# જૈવિક નિયંત્રકોનો ખેતીમાં ઉપયોગ, આણંદ કૃષિ યુનિ.માં ૩૫૦ થી વધુ વૈજ્ઞાનિકોની ચર્ચાનો પ્રારંભ

આણંદ, તા. ૬

વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ અને ઈન્ડીયન ફાયટોપેથોલોજીકલ સોસાયટી (આઈ.પી.એસ.), નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે સ્પેશીયલ સીમ્પોઝીયમ અને વેસ્ટઝોન મીટ ઓફ આઈ. પી. એસ. ૨૦૧૭ સમારોહને આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદના કુલપતિ, ડૉ. એન. સી. પટેલે ડૉ. વાય. એલ. નેને, એમેરીટસ ચેરમેન, એ.એ.એચ.એફ, હૈદરાબાદ તથા ડૉ. સી.ડી.માયી, પ્રમુખ, સાઉથ એશિયા બાયોટેકનોલોજી સેન્ટર, નવી દિલ્હી હાજર રહેલ હતા. આ ઉદઘાટન પ્રસંગે ડૉ. એસ. એસ. માને, વેસ્ટ ઝોન, પ્રેસીડેન્ટ, આઈ. પી. એસ.; ડૉ. બી. એન. ચક્રવર્તી., પ્રેસીડેન્ટ, આઈ. પી. એસ., ડૉ. દિનેશસીંઘ., સેક્રેટરી, આઈ. પી. એસ. તથા



આણંદ કૃષિ યુનિવર્સીટીના ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામક, ડૉ. કે. પી. પટેલ, આચાર્ય, બી.એ.સી.એ., ભૂતપૂર્વ કુલપતિ ડૉ. એ. એમ. શેખ. અને ડૉ. આર. એન. પાંડે, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી અને પ્રાધ્યાપક અને વિભાગીય વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરાવ્યો હતો. આ ઉદઘાટન સમારંભના પ્રમુખસ્થાનેથી બોલતાં ડૉ. એન. સી. પટેલ એ ખાસ જણાવ્યું હતું કે સુક્ષ્મ જીવાણુંઓથી બધા જ ક્ષેત્રે બદલાવ આવી રહ્યો છે. આ. કૃ. યુ. દ્વારા ખેડૂતોમાં "અનુભવ" બ્રાન્ડથી પ્રખ્યાત ટ્રાયકોડર્મા તેમજ બાયો એન.પી.કે.નો ઉલ્લેખ કરી સંસોધનથી પ્રાપ્ત કરેલ તંત્રીક્તાને ખેડૂતો સુધી પહોંચાડવા ઉપર ભાર

(અનુ. પાન નં. ૭ પર)

Muavza બાલાજી

## જૈવિક નિયંત્રકોનો

(અનુ. પાન નં. આઠનું ચાલું)

મુકેલ હતો. ખેડૂતો માટે સીધા ઉપયોગી એવા જૈવિક નિયંત્રકો, જૈવિક ખાતરો, મશરૂમ ઉત્પાદન અને મધમાખી ઉછેરના ઉત્પાદન અને તેની ખેડૂતોની આવક વધારવામાં થતી ઉપયોગીતાનો ઉલ્લેખ કરી સંબધિત વિષયોના વૈજ્ઞાનિકોને સાથે રહીને સંયુક્ત રીતે કામગીરી કરવાની હિમાયત કરી હતી. આઈ.પી.એસ. દ્વારા કરવામાં આવી રહેલ વિદ્યાથીઓને પ્રોત્સાહન કરવાની કામગીરીને બિરદાવી હતી.

સમારોહના મુખ્ય મહેમાન ડૉ. વાય. એલ. નેને એ કૃષિ યુનિવર્સિટી સાથેની તેમના ભૂતકાળની મુલાકાત યાદ કરીને પ્લાન્ટ પથોલોજી વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ સંસોધનની કામગીરીને બિરદાવી હતી. જ્યારે ડૉ. સી. ડી. માયીએ, આણંદ કૃષિ યુનિવર્સીટીની પ્રગતિને બિરદાવતા એન.આઈ.આર.એફ. રેન્કિંગમાં મેળવેલ અગ્ર સ્થાનનો ઉલ્લેખ કરી સ્વચ્છતા બાબતે યુનિવર્સીટીની આગવી છાપ બાબતે નોંધ લીધી હતી. તેઓએ દેશમાં હરિતક્રાંતિથી થયેલ લાભને સતત આગળ લઈ જવા ઉપર ભાર મુક્યો હતો કે જેથી દેશની ભવિષ્યની અન્નની માંગને પહોચી શકાય. તેમ તેમણે ઉમેર્યુ હતું.

ઉલ્લેખનિય છે કે સ્પેશીયલ સીમ્પોઝીયમમાં દેશ-વિદેશના ૩૫૦ થી વધારે વૈજ્ઞાનિકો તેમજ ખેડૂતો ભાગ લઈ રહ્યા છે. જેમાં મુખ્યત્વે વિદેશથી પધારેલ ટ્રાયકોડર્મા ઓથોરીટી ઓન રીસર્ચ ડૉ. લાઝ્લો કેડીક્સ, પ્રોફેસર, સેઝાદ યુનિવર્સીટી, હંગેરી અને ડૉ. મોનિકા સ્કોમોલ, સીનીયર સાયન્ટીસ્ટ, ઓસ્ટ્રિયાની હાજરી સૂચક હતી. તદુપરાંત ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાંથી આવેલ પ્રસિદ્ધ વૈજ્ઞાનિકો પૈકી ડૉ. એ. એન. મુખોપાધ્યાય, ડૉ. બી. એલ. જલાલી., ડૉ. એસ. આર. એસ. ડાંગે., ડૉ. અપ્પારાવ પુડલે, કુલપતિશ્રી, હૈદરાબાદ વિગેરેએ પણ આ સીમ્પોસિયમમાં ભાગ લીધેલ હતો. તથા દેશની જુદી જુદી વિશ્વ વિદ્યાલયોમાંથી વૈજ્ઞાનિકો તથા અનુસ્નાતક વિધાથીઓ અને વિદ્યાથીનીઓ ભાગ લઈ રહ્યા છે. તેમના સંશોધનો ઉપર વ્યાખ્યાન તેમજ સંશોધન લેખો રજુ કરવામાં આવશે અને ટ્રાયકોડર્મા જેવા જૈવિક નિયંત્રકોનો ખેતીમાં ઉપયોગ કરવાથી થનાર ફાયદાઓ તેમજ આ તાંત્રીક્તાને સંલગ્ન અન્ય બાબતો ઉપર ચર્ચા કરી હતી.

ડૉ. કે. પી. પટેલે મહાનુભાવોનો પરિચય આપી આવકાર્યા હતા. શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ અને આ.કૃ.યુ.ના સંશોધન નિયામક તેમજ વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. કે. બી. કથીરિયાએ આ.કૃ.યુ. ખાતે ચાલી રહેલ સંશોધન વિશે ટૂંકો અહેવાલ રજુ કરેલ અને ખાસ કરી યુનિવર્સીટી દ્વારા વિકસાવેલ ગુજરાત આણંદ મગ-૫ જે પીળા પંચરંગીયા રોગ સામે રોગપ્રતિકારકશક્તિ ધરાવે છે તે ખેડૂતોમાં ખુબજ પ્રચલિત બનેલ છે, તેને યુનિવર્સીટીની ખાસ સિધ્ધી દર્શાવેલ હતી. સમારંભના અંતે ડૉ. આર. એન પાંડે, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરીએ આ સીમ્પોસિયમમાં સહયોગ આપનાર બધી સંસ્થાઓ તેમજ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.


## જાહેર નિવિદા-૦૭

તાલુકા વિકાસ અધિકારી, ખંભાત રેલ્વે ફાટક સામે ખંભાત પીન કોડ નં. ૩૮૮૬૨૦ દ્વારા માન્ય ઈજારદારો પાસેથી માન. સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટ સને ૨૦૧૭/૧૮ માંથી મંજુર થયેલ ખંભાત સીટી અકબરપુરા નાની ચુનારાવાસ વિસ્તારમાં સી.સી. ટીવી કેમેરાનું કામ જેની સૈધ્ધાંતિક સ્વીકરની રકમ કુલ રૂ. ૨,૫૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા છે. તે માટે ટેન્ડર મંગાવેલ છે. સદર કામોનું ભાવ પત્રક આ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી (જાહેર રજાના દિવસો સિવાય) દિન–૭ માં તાલુકા વિકાસ અધિકારી ખંભાતને આર.પી.એડી. થી મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

આ કામની વિગતવાર માહિતી નોટીસ બોર્ડ ઉપર કામકાજના દિવસોમાં તાલુકા પંચાયતની કચેરીમાં જોવા મળશે.

**તાલુકા વિકાસ અધિકારી**
**ખંભાત**

# આણંદ કૃષિ યુનિ.માં માઈક્રોબીયલ એન્ટાગોનીસ્ટ અને પાકોના રોગોના જૈવિક નિયંત્રણ અંગે સેમિનાર



આણંદ, તા.૭

વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવસીટી, આણંદ અને ઈન્ડીયન ફાયટોપેથોલોજીકલ સોસાયટી (આઈ.પી.એસ.), નવી દિલ્હી ના સંયુક્ત ઉપક્રમે સ્પેશીયલ સીમ્પોઝીયમ અને વેસ્ટ ઝોન મીટ ઓફ આઈ. પી. એસ. ૨૦૧૭ સમારોહ પ્રસંગે આણંદ કૃષિ યુનિવસીટી, આણંદના કુલપતિ, ડૉ. એન. સી. પટેલ, ડૉ. વાય. એલ. નેને, (એમેરીટસ ચેરમેન, એ.એ.એચ.એફ, હૈદરાબાદ) તથા ડૉ. સી.ડી.માયી, (પ્રમુખ, સાઉથ એશિયા બાયોટેકનોલોજી સેન્ટર, નવી દિલ્હી) હાજર રહેલ હતા. ઉદઘાટન પ્રસંગે ડૉ. એસ. એસ. માને, (વેસ્ટ ઝોન, પ્રેસીડેન્ટ, આઈ. પી. એસ.) ડૉ. બી. એન. ચક્રવતી, (પ્રેસીડેન્ટ, આઈ. પી. એસ.) ડૉ. દિનેશ સીંઘ, (સેક્રેટરી, આઈ. પી. એસ.) તથા આણંદ કૃષિ યુનિવર્સિટીના ડૉ. કે. બી. કથીરીયા, (સંશોધન નિયામક), ડૉ. કે. પી. પટેલ, (આચાર્ય, બી.એ.સી.એ.) ભૂતપૂર્વ કુલપતિ ડૉ. એ.એમ.શેખ. અને ડૉ. આર. એન પાંડે, (ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી અને પ્રાધ્યાપક અને વિભાગીય વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ)ની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ડૉ. એન. સી. પટેલે જણાવ્યું હતું કે સૂક્ષ્મ જીવાણુંઓથી બધાજ ક્ષેત્રે બદલાવ આવી રહ્યો છે. આ. કૃ. યુ. દ્વારા ખેડૂતોમાં "અનુભવ" બ્રાન્ડથી પ્રખ્યાત ટ્રાયકોડર્મા તેમજ બાયો એન.પી.કે.નો ઉલ્લેખ કરી સંસોધનથી પ્રાપ્ત કરેલ તંત્રીક્તાને ખેડૂતો સુધી પહોચાડવા ઉપર ભાર મૂકેલ હતો.

સમારોહના મુખ્ય મહેમાન ડૉ. વાય. એલ. નેને એ કૃષિ યુનિવર્સિટી સાથેની તેમના ભૂતકાળની મુલાકાત યાદ કરીને પ્લાન્ટ પથોલોજી વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ સંસોધનની કામગીરીને બિરદાવી હતી. ડૉ. સી. ડી. માયીએ, આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રગતિને બિરદાવતા એન.આઈ.આર.એફ. રેન્કિગમાં મેળવેલ અગ્ર સ્થાનનો ઉલ્લેખ કરી સ્વચ્છતા બાબતે યુનિવર્સિટીની આગવી છાપ બાબતે નોંધ લીધી હતી.

ઉલ્લેખનીય છે કે સ્પેશીયલ સીમ્પોઝીયમમાં દેશ-વિદેશના ૩૫૦ થી વધારે વૈજ્ઞાનિકો, તેમજ ખેડૂતો ભાગ લઈ રહ્યા છે. જેમાં મુખ્યત્વે વિદેશથી પધારેલ ટ્રાયકોડમાં ઓથોરીટી ઓન રીસર્ચ ડૉ. લાઝ્લો ક્રેડીક્સ, પ્રોફેસર, સેઝાદ યુનિવર્સિટી, હંગેરી અને ડૉ. મોનિકા સ્કોમોલ, સીનીયર સાયન્ટીસ્ટ, ઓસ્ટ્રિયાની હાજરી સૂચક હતી. દેશની જુદા જુદા વિશ્વ વિદ્યાલયોમાંથી વૈજ્ઞાનિકો તથા અનુસ્નાતક વિધાથીઓ અને વિદ્યાર્થિનીઓ ભાગ લઈ રહ્યા છે. તેમના સંશોધનો ઉપર વ્યાખ્યાન તેમજ સંશોધન લેખો રજૂ કરવામાં આવશે અને ટ્રાયકોડર્મી જેવા જૈવિક નિયંત્રકોનો ખેતીમાં ઉપયોગ કરવાથી થનાર ફાયદાઓ તેમજ આ તાંત્રીક્તાને સંલગ્ન અન્ય બાબતો ઉપર ચર્ચા કરી હતી.

ડૉ. કે. પી. પટેલે. મહાનુભાવોનો પરિચય આપી આવકાર્યા હતા. આ.કૃ.યુ.ના સંશોધન નિયામક તેમજ વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. કે. બી. કથીરિયાએ આ.કૃ.યુ. ખાતે ચાલી રહેલ સંશોધન વિશે ટૂંકો અહેવાલ રજૂ કરેલ અને ખાસ કરી યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ ગુજરાત આણંદ મગ-૫ જે પીળા પંચરંગીયા રોગ સામે રોગપ્રતિકારકશક્તિ ધરાવે છે તે ખેડૂતોમાં ખૂબ જ પ્રચલિત બનેલ છે, તેને યુનિવર્સિટીની ખાસ સિદ્ધિ દર્શાવેલ હતી.

સમારંભના અંતે ડૉ. આર. એન પાંડે, (ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી)એ આ સીમ્પોસિયમમાં સહયોગ આપનાર તમામ સંસ્થાઓ તેમજ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.


આપનું વાહન ચોરાઈ જાય તો?



વાહનચોરીના ગુનાને અટકાવવા આપનું વાહન યોગ્ય જગ્યાએ લોક કરીને જ પાર્ક કરશો.


સ્ટાર ઓફ ગુજરાત તા. ૯-૧૦-૨૦૧૭

કૃષિજાગૃતિ **આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે પાકોના રોગોના જૈવિક નિયંત્રણ અંગે તજજ્ઞોનો સેમિનાર યોજાયો**

# સુક્ષ્મ જીવાણુઓથી કૃષિના બધા જ ક્ષેત્રે આવી રહ્યો છે બદલાવ

નવગુજરાત સમય > ડાકોર

■ સુક્ષ્મ જીવાણુઓથી બધા જ ક્ષેત્રે બદલાવ આવી રહ્યો છે. જૈવિક નિયંત્રકો, જૈવિક ખાતરો, મશરૂમ ઉત્પાદન અને મધમાખી ઉછેરના ઉત્પાદન અને તેનાથી ખેડૂતોની આવક વધારવા માટેની ઉપયોગીતા વિશે વાત કરતાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.એન.સી.પટેલે ખેડૂતોને સંબંધિત વિષયોના વૈજ્ઞાનિકોને સાથે રહીને સંયુક્ત રીતે કામગીરી કરવાની હિમાયત કરી હતી. આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન બી.એ.કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ અને ઈન્ડિયન ફાયટોપેથોલોજીકલ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે માઈક્રોબીયલ એન્ટાગોનીસ્ટ અને તેનો પાકોના રોગોના જૈવિક નિયંત્રણ અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો. તેમજ આઈપીએસની વેસ્ટ ઝોન મીટ યોજાઈ હતી.



હૈદરાબાદની એ.એ.એચ.એફના એમેરીટસ ચેરમેન ડો.વાય.એલ. નેનેએ પ્લાન્ટ પેથોલોજી વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ સંશોધનની કામગીરીને બિરદાવી હતી. સાઉથ એશિયા બાયોટેક્નોલોજી સેન્ટરના પ્રમુખ ડો.સી.ડી.માયીએ દેશમાં હરિતક્રાંતિથી થયેલ લાભને સતત આગળ લઈ જવા ઉપર ભાર મૂક્યો હતો જેથી દેશની ભવિષ્યની અન્નની માંગને પહોંચી શકાય. સેમિનારમાં હંગેરીની સેઝાદ યુનિવર્સિટીના પ્રોફેસર ડો.લાઝલો ક્રેડીક્સ, ઓસ્ટ્રિયાના સિનીયર સાયન્ટિસ્ટ ડો.મોનિકા સ્કોમોલ તેમજ ભારતના વૈજ્ઞાનિકો ડો.એ.એન.મુખોપાધ્યાય, ડો.બી.એલ.જલાલી, ડો.એસ. આર.એસ.ડાંગે, ડો.અપ્પારાવ પુડલે વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં ડો.કે.પી.પટેલે સ્વાગતપ્રવચન કરીને સૌને આવકાર્યા હતા. સંશોધન નિયામક ડો.કે.બી.કથીરીયાએ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ ગુજરાત આણંદ મગ-૫ જે પીળા પંચરંગીયા રોગ સામે રોગપ્રતિકારકશક્તિ ધરાવે છે તેના વિશે જણાવ્યું હતું. અંતમાં ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો.આર.એન પંડ્યાએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

થી ૪ કલાક સુધી ચાલી હતી. આ ચૂંટણીમાં પ્રમુખ તરીકે પ્રવીણભાઈ પટેલ બીજી વખત ચૂંટાયા હતા. જ્યારે લક્ષ્મણસિંહ ચૌહાણને મહામંત્રી તરીકે જાહેર કરી ચૂંટણી પ્રક્રીયા પૂરી કરી હતી.

# સ્પેશિયલ સીમ્પોઝીયમ અને વેસ્ટ ઝોન મીટ ઓફ આઈપીએસ સમારોહ

આણંદ,તા.૫

**આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ અને ઈન્ડિયન ફાયટોપેથોલોજીકલ સોસાયટી, નવીદિલ્હી દ્વારા ગુરૂવારના રોજ સ્પેશીયલ સીમ્પોઝીયમ અને વેસ્ટ ઝોન મીટ ઓફ આઈ.પી.એસ. ૨૦૧૭ સમારોહનું ઉદઘાટન આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કુલપતિ ડૉ.એન.સી.પટેલ, વરદહસ્તે કરવામાં આવ્યું હતું.**

## આણંદ કૃષિ યુનિ.માં ત્રિદિવસીય સેમિનાર

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ત્રિદિવસીય યોજાનાર સમારોહમાં જેમાં વિવિધ પાક રોગોના જૈવિક નિયંત્રણ ઉપરના વ્યાખ્યાન તેમજ સંશોધન લેખો રજુ કરવામાં આવશે. આજથી ત્રણ દિવસ સુધી યોજાનાર કાર્યક્રમમાં સ્પેશીયલ સીમ્પોઝીયમમાં વિશ્વની ટ્રાઈકોડર્માઓથોરીટી ઓન રીસર્ચ ડૉ.લાઝલો ક્રેડીક્સ, પ્રોફેસર સેઝાદ યુનિવર્સીટી, હંગેરી અને ડૉ.મોનિકા સ્કોમોલ, સીનીયર સાયંટીસ્ટ, ઓસ્ટ્રિયા તથા ભારતના ખ્યાતનામ વૈજ્ઞાનિકો અને જુદી જુદી યુનિવર્સીટીઓના વૈજ્ઞાનિકો તેમજ અનુસ્નાતક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ મળી અંદાજે કુલ ૩૦૦ જેટલા વ્યક્તિઓ ભાગ લેનાર છે. જેમાં જૈવિક નિયંત્રકો દ્વારા પાકરોગ નિયંત્રણ ઉપરના જુદા-જુદા વિષય જેવા કે, બાયોએજન્ટ્સના ઈકોલોજી, બાયોડાયવર્સીટી અને ટેક્ષોનોમી, બાયોએજન્ટ્સના કેરેક્ટરાઈઝેશનની મોલેક્યુલર એપ્લીકેશન, પાકના વિકાસમાં બાયોએજન્ટ્સના સેકન્ડરી મેટાબોલાઈટસ હોસ્ટ ઈન્ટરેક્શન દ્વારા, પાકોના જૈવિક અને નિર્જીવ પરિબળોના સંકલિત નિયંત્રણમાં બાયોએજન્ટ્સ, ઓર્ગેનિક માધ્યમોના એનરીચમેન્ટમાં બાયોએજન્ટ્સ, બાયોએજન્ટ્સના ઉત્પાદનો તૈયાર કરવા અને તેની વિતરણ પધ્ધતિ, બાયોએજન્ટ્સની નોંધણી અને વેપારીકરણના પોલીસી ઈસ્યુ, બાયોએજન્ટ્સ ઉપર રોડ મેપ તૈયાર કરવા માટે ખેડૂતો, ઉત્પાદકો, ધંધાદારીઓ અને પોલીસી મેકર્સનું ઈન્ટ્રેક્સન, વગેરે લેખો રજુ કરવામાં આવશે અને તેના ઉપરના વ્યાખ્યાનો આપવામાં આવશે.